Nirma University
Library Resource Centre

NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

Publication: **Sandesh City Life** Edition: **Ahmedabad**
Date & Day: **22/02/2022 (Tues)** Page No: **01**

---

# ફાર્માસ્યૂટિકલ સાયન્સિસ વિશે ૩૫ દેશોના એક્સપર્ટ વચ્ચે બ્રેઈનસ્ટોર્મિંગ

» નિરમા યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરાયું




**સિટી લાઈફ :** નિરમા યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી દ્વારા ઈન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટી (IPS) એ સાથે મળીને ત્રિદિવસીય વર્ચ્યુઅલ કોન્ફરન્સ 'NIPiCON-IPS ૨૦૨૨'નું આયોજન કર્યું હતું. 'ઈમર્જિંગ ઓપ્પોર્ચ્યુનિટિઝ અને ચેલેન્જિસ ઈન ફાર્માકોલોજી અને ફાર્માસ્યૂટિકલ સાયન્સિસ ફોર ડ્રગ ડિસ્કવરી એન્ડ હેલ્થકેર ઈનોવેશન્સ' થીમ પર યોજાયેલી કોન્ફરન્સમાં દેશ-વિદેશમાંથી તજજ્ઞ વ્યક્તિઓએ ભાગ લઈને પોતાનું રિસર્ચ વર્ક અને ઓપિનિયન શેર કર્યા હતાં. ફ્રાન્સના સ્પેડિંગ સેક્રેટરી જનરલ અને રિસર્ચ સોલ્યુશનના પ્રેસિડેન્ટ પ્રોફેસર માઈકલે કોન્ફરન્સનું ઈનોગ્રેશન કરીને પોતાના ઓપિનિયન જણાવ્યા હતા. આ કોન્ફરન્સ દરમિયાન યુએસએ, યુકે, કેનેડા, ચીન, ઓસ્ટ્રેલિયા, ઈટાલી અને ભારતના અન્ય પ્રતિષ્ઠિત વક્તાઓ ભાગ લીધો હતો. 'ફાર્માકોવિજિલન્સ'પર યોજાયેલી પ્રી-કોન્ફરન્સ વર્કશોપમાં ૨૦૦થી વધારે પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય ઈ-કોન્ફરન્સમાં ૩૫થી વધુ વક્તાઓ અને ૩૦૦થી વધારે સહભાગીઓ ઓનલાઈન સત્રો દ્વારા તેમના મંતવ્યો અને અનુભવોની આપ-લે કરી હતી.